INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> <u>તા. ૨૫-૦૪-૨૦૨૫</u>

**• मित्रो समस्या सीमा पर नही, समस्या दिल्ही मे है - नरेन्द्र मोदी (२०१४)**

**• મિત્રો સમસ્યા સીમા પર નહી, સમસ્યા દિલ્હીમા પણ નહી, સમસ્યા પ્રધાનમંત્રીની ખુરશીમા છે - મનહર પટેલ**

પહેલગાવની ઘટના સૌના હૃદય કંપાવનારી છે, આ સંદર્ભે સુરક્ષામા ક્યા ચુક રહી ગઈ તેના સમગ્ર દેશ અને વિપક્ષ તીખા સવાલ કરે છે અને દેશની સરકારે જવાબ આપવો રહ્યો અને મોદી સરકારની આ કોઇ પ્રથમ ઘટના નથી, દેશ ગુસ્સામા છે, જેના પરિવારે પોતાના સ્વજન ગુમાવ્યા છે તેને સાંત્વના આપવા સરકાર પાસે કોઇ જવાબ નથી, એટલે સ્વબચાવ માટે માથુ જુકાવીને માફી માંગવાને બદલે પુર્વ સરકારોનો ઇતિહાસ ફંફોળીને રાજકીય જવાબ આપવાનુ શરુ કરી દિધુ છે, સત્તા ભુખ્યો વિપક્ષ આવા સંવેદન મુદ્દા ઉપર રાજનિતી કરે છે વગેરે વગેરે... પરંતુ સરકારની જવાબદારીને લઈને કે સુરક્ષાને લઈને ઘોર બેદરકારી અને નિષ્ફળતા છે તેમા કોઇ શંકા નથી.

હિન્દુઓની લાશો ઉપર સત્તા મેળવવા કે ટકાવવાથી હિન્દુઓની સુરક્ષા ન થઈ શકે, ભારતની ૧૪૦ કરોડ જનતાએ ભાજપાને સત્તા જનતાની સુરક્ષા માટે આપી છે, દુનિયાની ગાળો ખાવા કે દેશના નાગરિકો ઓછા કરવા નહી. ભાજપાવાળાએ ૫૬ ની છાતીનો દાવો કરેલો, પરંતુ આ દાવો બિલકુલ ખોટો છે, પહેલા એ તપાસ કરો દેશના પ્રધાનમંત્રીને કાળજુ છે કે નહી?

૧૧ વર્ષમા ૩૦ મોટા આતંકી હુમલાઓ થયા પ્રધાનમંત્રીની આંખ લાલ કેમ ન થઈ ? આમ છતાં પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી કશ્મિરમા આતંકવાદ ખતમ થઈ ગયો છે એવી હવાબાજી કરે છે.

૨૦૧૪ મા ભારત દેશને એવા હવા બાજ પ્રધાનમંત્રી મળ્યા કે તેને દેશને મુર્ખ બનાવવાનો ઐતિહાસિક મુકામ તેના નામે સિદ્ધ કર્યો, ૫૬ ઇંચની છાતી અને લાલ આંખની ગેરેંટી વાળા દેશના પ્રધાનમંત્રી મોદી અને તેની નમાલી સરકારને ૧૧ વર્ષથી આતંકીઓ લલકારી રહયા છે અને દેશના નિર્દોષ નાગરિકો અને સુરક્ષા કર્મીઓ આતંકવાદીઓના ભોગ

બની રહ્યા છે. પરંતુ હવા બાજ પ્રધાનમંત્રીની ભાષામા કોઇ ફરક ન પડયો અને તેના કારણે દુનિયામા ભારત પોતાની શાખ ગુમાવી રહ્યો છે.

એક ફોનથી યુક્રેનનુ યુદ્ધ અટકાવી દેવાની હવા ફેકવાવાળા ભુંડ ભક્તોના આરાધ્ય મણીપુરમા રમખાણો અટકાવી શકતા તો નથી,મહિલાઓને નગ્ન કરીને પરેડ થાય અને સામુહિક બળાત્કારની ઘટનાઓ બને છે છતા તેની મણિપુરની મુલાકાત લેવાની હિંમત નથી, આવા કાયર અને નમાલા પ્રધાનમંત્રીએ દેશનુ દુર્ભાગ્ય છે.

છેલ્લા ૧૧ વર્ષથી વિશ્વગુરુના ભાષણના ભડાકા દેશ સાંભળે છે અને દુનિયાના દેશો સામે રોજ ભારતીયો ગાળો ખાય,માર ખાય અને મોતને ભેટે છે.કોઇ ટેરીફ લગાવે, કોઇ ભારતનો ભુ ભાગ પચાવે તો કોઇ ગોળીઓ મારીને મોત આપે છે, અને તેના બદલામા ભારતના ૫૬ ઇંચની છાતીવાળા વાળા શુરવીર પ્રધાનમંત્રી આ પૈકીનાને કોઇને ગળે લાગાવે છે, કોઇની એપ બંધ કરે તો કોઇનુ પાણી બંધ કરીને તેનો બદલો લેવાની શુરવીરતામા સંતોષ માને છે.

નોટબંધી અને ૩૭૦ કલમ નાબુદ થવાથી આતંકવાદની કમર તોડવાના નિર્ણયો આપણા દેશના હવા બાજ પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી સંસદમા અને સંસદ બહાર આપતા રહયા અને કાશ્મિરમા શાંતિ અને અમન સ્થપાયા છે.પુલવામા અને પહેલગામ જેવા આતંકી હુમલા થતા રહ્યા.

બધુ જાણતા હોવા છતા અજાણ રહ્યા છે તેવા મારા ગુજરાતીઓને મારી સાદર વિનંતી છે કે,

• રડતો જાય અને રાડો પાડતો જાય તેવા શાસકોનો ભરોસો કરવાની ભુલ ન કરશો..
• જે શાસકને પોતાની સજાણ ભુલોથી દેશને નુકશાન ગયુ હોય તેમ છતાં તેનો તેને અફસોસ ન હોય તેવા શાસક પાસેથી સુરક્ષાની અપેક્ષા ક્યારેય ન રાખશો.
• જે શાસક જનતાની ટિક્કા સહી ન શકે તે તમારી પીડા નહી સમજી શકે.
• જે શાસક જેટલા વચનો આપે એટલુ જ જુઠ્ઠુ બોલે તેનો વિશ્વાસ કરશો.
• જે શાસક પોતાની વેશભુષામા વધુ ધ્યાન આપે તેને તમારા ધ્યાન ઓછુ છે તે સ્વીકારીને ચાલજો.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ